# અમદાવાદમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

## ભારે વરસાદના પરિણામે શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી ભરાયા : પૂર્વમાં સોસાયટીઓ અને દુકાનોમાં પાણી ઘૂસ્યા : વૃક્ષો પણ ધરાશયી થવાના બનાવો

અમદાવાદ,તા.૨૪ ગઈકાલે દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ચોમાસાના વિધિવત્ આગમન બાદ આજે વહેલી પરોઢથી મેઘરાજાએ અમદાવાદ શહેરમાં ધમાકેદાર પધરામણી કરી હતી. ભારે ગાજવીજ અને વીજળીના કડાકા અને ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો, જેના લીધે વાતાવરણ એકદમ ઠંડુગાર બની ગયુ હતું. બીજીબાજુ, પહેલા જ વરસાદના ભારે ઝાપટાઓને લઈ શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. ખાસ કરીને પૂર્વ અને નીચાણવાળા વિસ્તારોમાં ખાસ્સા પાણી ભરાઈ ગયા હતા. પૂર્વ વિસ્તારની કેટલીક સોસાયટીઓ અને દુકાનો-કોમ્પલેક્ષમાં પાણી ભરાતાં નાગરિકો ભારે હાલાકીમાં મૂકાયા હતા. અમદાવાદમાં પહેલા જ વરસાદે શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સત્તાવાળાઓના પ્રિ-મોન્સુન એકશન પ્લાનની પોલ ખુલ્લી પડી ગઈ હતી.

ભારે વરસાદની સાથે સાથે અમદાવાદ શહેરમાં આંબાવાડી, વસ્ત્રાપુર સહિતના કેટલાક વિસ્તારોમાં વૃક્ષો ધરાશયી થવાની ઘટનાઓ પણ નોંધાઈ હતી તો, વાસણા ધરણીધર પાસે બીઆરટીએસ બસ સ્લીપ થતાં સીસીટીવી કેમેરાનો એક વિશાળ પોલ ધરાશયી થઈ જતાં સમગ્ર રોડ બ્લોક થઈ ગયો હતો અને ટ્રાફિક ચક્કાજામ થઈ ગયો હતો. હિમાલયા મોલથી વસ્ત્રાપુર સંજીવની હોસ્પિટલ જવાના માર્ગ પર પણ એક વિશાળ વૃક્ષ ધરાશયી થઈ જતાં એક તરફનો માર્ગ બ્લોક થઈ ગયો હતો અને વાહનવ્યવહાર બંધ કરવો પડયો હતો. અમદાવાદ શહેરમાં આજે વહેલી પરોઢે પાંચ વાગ્યાની આસપાસથી જોરદાર ઠંડો પવન ફુંકાવાની સાથે અને વીજળીના જોરદાર કડાકા અને ભડાકા સાથે ગાજવીજ સાથે વરસાદ તૂટી પડયો હતો. અમદાવાદમાં વહેલી પરોઢે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીને લઈ શહેરીજનો ખુશખુશાલ થઈ ગયા હતા અને પહેલા વરસાદના વધામણાં કર્યા હતા. સતત બેથી અઢી કલાક સુધી પડેલા ભારે વરસાદના કારણે અમદાવાદ શહેરનું સમગ્ર વાતાવરણ એકદમ ઠંડુ અને આહ્લાદક બની ગયું હતું. બીજીબાજુ, ધોધમાર વરસાદના કારણે શહેરના વેજલપુર, જોધપુર, વસ્ત્રાપુર, સેટેલાઈટ, નારણપુરા, નવરંગપુરા, વાસણા, મણિનગર, સીટીએમ, હાટકેશ્વર, મેઘાણીનગર, બાપુનગર, નરોડા, નારોલ સહિતના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. ખાસ કરીને પૂર્વના નીચાણવાળા વિસ્તારમાં તો પહેલા જ વરસાદે ભારે હાલાકીભરી પરિસ્થિતિ જોવા મળી હતી. વરસાદી પાણી લોકોના ઘરોમાં, સોસાયટીઓ અને દુકાનોમાં ફરી વળ્યા હતા. જેને પગલે પૂર્વના સ્થાનિક રહીશો ખાસ કરીને મહિલાઓ, બાળકો અને વૃધ્ધો ભારે હાલાકીનો ભોગ બન્યા હતા. પૂર્વના વિસ્તારમાં પહેલા જ અને આટલા ઓછા વરસાદમાં પણ પાણી ભરાઈ જતાં સ્થાનિક રહીશોએ અમ્યુકો સત્તાવાળાઓ પરત્વે ઉગ્ર આક્રોશ ઠાલવ્યો હતો અને સત્તાધીશોના પ્રિ-મોન્સુન એકશન પ્લાનના દાવાની પોલ ખોલી નાંખી હતી.

અમદાવાદ શહેરમાં પોણાથી એકાદ ઈંચ વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ વરસાદ મણિનગર વિસ્તારમાં નોંધાયો હતો, તો અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ વરસાદ બાવળા અને સાણંદમાં નોંધાયો હતો. બાવળામાં દોઢથી બે ઈંચ સુધીનો વરસાદ તો, સાણંદમાં એકથી દોઢ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો હતો. જેને લઈ અમદાવાદ જિલ્લાના પંથકોમાં પણ વાતાવરણ ઠંડુ અને આહ્લાદક બની ગયું હતું.

અમદાવાદ શહેર સહિત સમગ્ર જિલ્લામાં સારો એવો વરસાદ પડતાં લોકોને આખરે ઉનાળાની ગરમી અને ઉકળાટથી મોટી રાહત મળી હતી. અમદાવાદીઓ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીથી ખુશખુશાલ થઈ ગયા હતા.





### પહેલા વરસાદ વચ્ચે વિવિધ વિસ્તારોમાંથી સાપ પકડાયા

અમદાવાદ શહેરમાં આજે ભારે વરસાદના કારણે એકબાજુ વિવિધ વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા અને નીચાણવાળા પૂર્વ વિસ્તારની સોસાયટીઓ-દુકાનોમાં પાણી ફરી વળ્યા હતા તો બીજીબાજુ, શહેરના બોપલ, ગોતા, સાયન્સ સીટી અને નરોડા સહિતના કેટલાક વિસ્તારોમાં ઝેરી કોબ્રા, સાપ, ધામણ, ડેંડવા સહિતના સ્નેક કોલ્સ બચાવ ટીમોને મળ્યા હતા. વરસાદની સાથે સાપની પ્રજાતિ નીકળતાં આ વિસ્તારોના લોકોમાં થોડી ફફડાટની લાગણી ફેલાઈ ગઈ હતી. જો કે, સ્નેક રેસ્કયુ ટીમ દ્વારા આ તમામ સાપની પ્રજાતિને બચાવી લઈ તેને સલામત સ્થળે ખસેડાયા હતા. જો કે, વિવિધ વિસ્તારોમાં સાપ મળી આવવાની ઘટનામાં કોઈ ઈજા કે જાનહાનિ નોંધાઈ ન હતી. અમદાવાદ શહેર સહિત હવે રાજયભરમાં ચોમાસાની વિધિવત્ શરૂ થઈ ગઈ છે ત્યારે અમદાવાદ શહેરમાં પણ આજે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી લીધી હતી.

# ચેકડેમ તો બંધાશે જ ભલે એના માટે જેલમાં જવું પડે : ખેડૂત સમાજ

## સરકાર આદિવાસી ખેડૂતોને તરસ્યા મારવા માંગતી હોય તો જાહેરમાં કહે : ચેકડેમનું કામ બંધ કરવા કોના ઈશારે રજાના દિવસે પત્ર લખાયો ? : નિકુલ પટેલ

મેઘરજ, તા. ૨૪ અરવલ્લી ખેડૂત સમાજ પ્રમુખ નિકુલ પટેલે સરકાર પર કટાક્ષ સાથે કહ્યું હતું કે કરોડો રૂપિયા ખર્ચીને જળ સંચયનો દેખાડો કર્યો છતાં જ્યાં જરૂર હતી એવા મેઘરજ તાલુકાના આદિવાસીઓ માટે નદીમાં ચેક ડેમ બાંધવાનું સ્થાનિક તંત્ર કે સરકારને ના સુજ્યું. નિરાશ આદિવાસી ખેડૂતો જાતે નદીમાં ચેક ડેમ બાંધે છે અને મીડિયાના મિત્રોએ એમની વાજબી જરૂરિયાત પ્રત્યે સરકારની અને સ્થાનિક વહીવટી તંત્રની અવગણના ગુજરાતની જનતા સામે મૂકી અને ઉદાહરણીય ફરજ બજાવી. અને મેથળા અને મેઘરજનો ચેકડેમ ખેડૂતો જાતે બાંધે છે તે બાબતે ગુજરાત સરકારના કરોડો રૂપિયાના ખર્ચે દેખાડા માટે ઉજવાયેલા જળ અભિયાનની પોલ જનતા સામે ખોલી નાખી છે. ત્યારે ગિન્નાયેલી સરકાર અને એનું વહીવટી તંત્ર ખેડૂતોને ચેકડેમનું કામ તરત બંધ કરવા કહે છે.

ચેનલોમાં ચર્ચા દરમ્યાન ભા.જ.પ.ના પ્રવક્તાઓ કહે છે કે સ્થાનિક તંત્રને કામમાં ખેડૂતોને તમામ પ્રકારની મદદ કરવાની સૂચનાઓ અપાઈ ગઈ છે ત્યારે સ્થાનિક તંત્ર કોના ઈશારે કામ બંધ કરવાની સૂચનાઓ આપે છે ? સામાન્ય રીતે રજાના દિવસે કામ નહીં કરતી સરકારી ઓફિસ બીજા શનિવારના દિવસે ચાલુ રહી અને ઈમેઈલ અને વોટ્સએપથી કામ બંધ કરવા પત્ર મોકલે છે! આટલી તાત્કાલિકતા કામ રોકવા માટે કરવાને બદલે કામ કરવા માટે દેખાડી હોત તો સૌને સારું લાગત, સરકાર અને સ્થાનિક તંત્ર બન્નેનું સારું દેખાત નિકુલ પટેલે વધુમાં જણાવતા કહ્યું હતું કે કામ કરવું નહી અને કામ કરવા દેવું નહિ, ભલે લોકો તરસ્યા મરે, પાક સુકાય અને પશુપાલન ના થાય...! આટલું ખુન્નસ શા માટે ? તંત્ર ચાહે તે કરે, કામ ચાલુ રહેશે અને ચેકડેમ બાંધશે, ભલે એના માટે જેલમાં જવું પડે.! અને હું અરવલ્લી ખેડૂત સમાજ પ્રમુખ નિકુલ પટેલ જાતે આદિવાસી ખેડૂતો પાસે જઈશ અને તેમના કામમાં મદદરૂપ બનીશ. અરવલ્લી ખેડૂત સમાજ કોઈ પણ પરિસ્થિતિમાં ખેડૂતોની પડખે ઉભો છે. તેમ નિકુલ પટેલે જણાવ્યું હતું.

### અર્બુદા શરાફી સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

મોડાસા, તા. ૨૪ ધી અર્બુદા શરાફી સહકારી મંડળી, મોડાસાની વાર્ષિક સાધારણ સભા મોડાસામાં સત્યમ વિધાલય ખાતે સભાસદ પી.એલ. પટેલ (રખિયાલ)ના પ્રમુખપદે યોજાઈ હતી. પ્રારંભે ચેરમેન હરેશભાઈ પટેલે સૌને આવકારી મંડળીના વિકાસની વિગતો આપી હતી. આ સભામાં ધારાશાત્રી હીરાભાઈ પટેલ, જિલ્લા સંઘના ચેરમેન પ્રભુદાસ પટેલ, જીનના ચેરમેન રમણભાઈ પટેલ, મુળજીભાઈ, મહેન્દ્રભાઈ પી. પટેલ સહિતના સભાસદો અને ડિરેક્ટરો ઉપસ્થિત રહ્યા હતા. મંડળીએ ચાલુ વર્ષે ૧૪ લાખ ચોખ્ખો નફો કર્યો હતો. મંડળીના મકાન માટે ચર્ચા વિચારણા થઈ હતી.

# પ્રદેશ ભાજપાની બે દિવસીય ચિંતન શિબિરનો શુભારંભ

ગાંધીનગર, તા. ૨૪ આજથી ગુજરાત પ્રદેશ ભાજપાના તા. ૨૪ અને ૨૫ જૂન એમ બે દિવસીય ચાલનાર ચિંતન શિબિરનો દીપ પ્રાગટ્ય સાથે એસ.જી.વી.પી., છોરોડી, અમદાવાદ ખાતે શુભારંભ થયો છે. ચિંતન શિબિરમાં બીજા દિવસે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહ પૂર્ણ દિવસ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

જાડેજાએ જણાવ્યું હતું કે, આ ચિંતન શિબિરમાં ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રી અને પ્રદેશ પ્રભારી ભુપેન્દ્રજી યાદવ, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી. સતીષજી, મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને કેન્દ્રીયમંત્રી પરશોત્તમભાઈ રૂપાલા અને કેન્દ્રીયમંત્રીઓ સહિત પ્રદેશનું શીર્ષસ્થ નેતૃત્વ ઉપસ્થિત રહેશે.

જાડેજાએ જણાવ્યું હતું કે, હાલ ગુજરાતમાં લોકસભાની તમામ ૨૬ લોકસભા બેઠકો પર ભાજપાના સંસદસભ્યો પ્રજાલક્ષી જનહિતના કાર્યો કરી રહ્યા છે. આગામી લોકસભા ૨૦૧૯ની ચૂંટણીમાં જનતા જનાર્દનના આશીર્વાદથી તમામ લોકસભા બેઠકો પર પુન: ભાજપાનો ભવ્ય વિજય થશે. આજની આ ચિંતન શિબિરમાં આગામી લોકસભાની ચૂંટણી માટેનો રોડમેપ તૈયાર કરવામાં આવશે. લોકસભા બેઠકોની સમીક્ષા, સંગઠનલક્ષી ચર્ચાઓ, કાર્ય યોજનાઓ અને આગામી કાર્યક્રમો વિશે ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવશે. કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની લોકકલ્યાણની વિવિધ યોજનાઓની માહિતી રાજ્યભરમાં ઘર-ઘર અને જન-જન સુધી પહોંચાડવા માટેની રૂપરેખા તેમજ સંગઠનલક્ષી વ્યવસ્થાઓ બાબતે ૧૦ જેટલા વિવિધ સત્રો હાથ ધરવામાં આવશે.




# અરવલ્લી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટા થતા વાતાવરણમાં ઠંડક

મેઘરજ, તા. ૨૪ ૧૫ જુન સુધીમાં મુંબઈમાં મેઘરાજાની એન્ટ્રી થતા એક સપ્તાહ બાદ ગુજરાતમાં વરસાદનું આગમન થતું હોય છે. રાજ્યના અમુક વિસ્તરોમાંજ વરસાદની ધમાકેદાર એન્ટ્રી થતા મોટા ભાગના જીલ્લા કોરાધાકોર રહેવા પામ્યા છે. અરવલ્લી જીલ્લામાં કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટા થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. હજુ પણ ખેડૂતો વાવણીલાયક વરસાદ ન થતા ચિંતિત બન્યા છે. યાત્રાધામ શામળાજીમાં ભારે પવનના સુસવાટા સાથે મેઘરાજાની પધરામણી થઈ હતી. મેઘરજમાં વરસાદ સાથે એક પશુનું વીજળી પડવાથી મોત નિપજતા અને એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થતા વરસાદી નુકસાન થયું હતું.

શનિવારે રાત્રીના સુમારે અરવલ્લી જીલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડતા વાતાવરણમાં શીત લહેર પ્રસરતા અસહ્ય ઉકળાટ અને બફારાથી આંશિક રાહત પ્રજાજનોએ અનુભવી હતી. મોડાસા, શામળાજી, માલપુર વિસ્તરામાં વરસાદી ઝાપટું સહીત ઝરમર-ઝરમર વરસાદ થતા લોકોમાં આનંદ છવાયો હતો. મેઘરજ પંથકના મહુડી અને સિસોદરા વિસ્તારમાં વરસાદની એન્ટ્રી સાથે મહુડી ગામે આકાશી વીજળીથી આફત સર્જાતા એક પશુ પર વીજળી પડતા મોત નિપજવાની ઘટના સાથે એક વ્યક્તિ પર વીજળી પડતા શરીરે દાઝી જતા તાબડતોડ સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો. રવિવારે દિવસ દરમિયાન વરસાદી માહોલ અને આકાશે વાદળો છવાતા કેટલાક વિસ્તારોમાં અમી છાંટણા થતા જમીનમાંથી ભીની માટીની ખુશ્બૂથી વાતારણ આહલાદક બન્યું હતું. જગતનો તાત જિલ્લાભરમાં ધોધમાર વરસાદની આતુરતાપૂર્વક રાહ જોઈ બેઠો છે.



### ભિક્ષુકના બિનવારસી દેહની મુક્તિધામ ખાતે અંતિમક્રિયા

શહેરમાં કોઈ વ્યક્તિનું અવસાન થાય તો તેના સગા-સંબંધીઓ તેની અંતિમક્રિયા વિધિવત રીતે પુરી કરે પરંતુ જ્યારે જેનું કોઈ સ્વજન ના હોય તેવી વ્યક્તિનું મૃત્યુ થાય ત્યારે આ જવાબદારી કોણ નિભાવે ? ગાંધીનગરમાં આવા જ એક ભિક્ષુકનુ મૃત્યુ થતાં સેક્ટર-૭ પોલીસ સ્ટેશને જરૂરી કાર્યવાહી પતાવી તેના શબનો કબ્જો મુક્તિધામને સોંપી દીધો હતો જેની સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર અંતિમક્રિયા મુક્તિધામના સ્ટાફ કિરણસિંહ, વિક્રમ, અરવિંદ અને બાબુલાલે અગ્રણી સમાજસેવક જીલુભા ધાંધલના માર્ગદર્શન અંતર્ગત સંપૂર્ણ કરી હતી.

# રાણકપુર નર્મદા કેનાલમાંથી આધેડનો મૃતદેહ મળ્યો

કાંકરેજ તાલુકામાંથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાં મોતનો સિલસિલો યથાવત રહયો છે. ત્યારે ગઈ કાલે સવારે રાણકપુર નજીક કેનાલમાં એક આધેડની લાશ તરતી જોવા મળી હતી.લાશ જોવા કેનાલ ઉપર લોકોના ટોળે ટોળા ઉમટયા હતા.લાશની જાણ સ્થાનિકો દ્વારા થરા પોલિસને કરાતાં થરા પોલિસ સ્ટાફ ઘટનાસ્થળે આવી લાશ બહાર કાઢતાં આધેડ રાધનપુર તાલુકાના ધરવડી ગામના કાન્તીભાઈ ભાણજીભાઈ જોષી હોવાનુ જાણવા મળયુ હતુ.તેઓ ધરવડીથી અગમ્ય કારણોસર ગુરૂવાર ની સાંજે ઘેરથી કહ્યા વગર નિકળી ગયા હતા.તેવુ તેમના પરીવારજનોએ જણાવ્યુ હતુ.તેમની આજુબાજુના વિસ્તારોમાં શોધખોળ હાથ ધરાતાં કાન્તીભાઈની ભાણજીભાઈ જોષીની લાશ નર્મદાની મુખ્ય કેનાલમાં હોવાનુ જાણવા મળ્યુ હતુ.પોલિસે તરત વાલિવારસોને જાણ કરતાં લાશને પી.એમ કરાવા માટે થરા રેફરલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવી હતી.લાશનુ પી.એમ.રેફરલના ડોકટર અશોકભાઈ ગૌસ્વામીએ કર્યુ હતુ.પી.એમ કર્યા બાદ લાશ વાલિવારસોને સુપરત કરવામાં આવી હતી. અને આગળની તપાસ થરા પોલિસ ચલાવી રહી છે .

### જીએસટી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રહ્યા હતા. તેમના કારણે જ બંગાળનો એક મોટો હિસ્સો ભારતના અખંડ ભાગ તરીકે છે. બાવન વર્ષની વયમાં તેઓએ દેશની એકતા અને અખંડતા માટે પોતાના પ્રાણ આપી દીધા હતા. જીએસટીના સંદર્ભમાં વાત કરતા મોદીએ કહ્યું હતું કે, જીએસટી મોટા આર્થિક સુધારા તરીકે છે. આના કારણે વચેટિયાઓની ભૂમિકા ખતમ થઈ ગઈ છે. ઈમાનદાર લોકોમાં જીએસટીને લઈને ભારે ઉત્સાહ જોવા મળે છે. મોદીએ કહ્યું હતું કે, દેશભરમાંથી લોકોના સંદેશા આ મહત્વપૂર્ણ સુધારાને લઈને મળતા રહે છે. જીએસટીના એક વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે મોદીએ કહ્યું હતું કે, વન નેશન વન ટેક્સ એક સપનું હતું પરંતુ જીએસટીના કારણે તે પૂર્ણ થયું છે. યોગનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, રમત ગમત અને યોગ મારફતે અમારા જીવનને વિસ્તાર મળે છે. યોગના દિવસે અનેક રેકોર્ડ સર્જાયા હતા.

### વરસાદની આગાહી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાત સુધીના વિસ્તારમાં એક સાઈક્લોનિક સર્ક્યુલેશન એક્ટિવ થઈ ગયું છે. તેમજ કેરળથી દક્ષિણ ગુજરાતના સમુદ્ર તટમાં પણ ઓફશોર ટર્કની સ્થિતિ છવાયેલી જોવા મળી છે. આ બંને સિસ્ટમ ચોમાસાને આગળ વધવા માટે મદદરૂપ થશે. બીજીબાજુ, તા. ૨૭મીએ સુરત સહિતના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તો, અમદાવાદ શહેર સહિતના રાજયના મોટાભાગના વિસ્તારોમાં આગામી ચાર દિવસ સુધી મેઘરાજાની મીઠી મહેર ચાલુ રહેવાની શકયતા છે. ગઈકાલે રાજયના ૯૭ તાલુકાઓમાં વરસાદ નોધાયા બાદ આજે રાજયના કેટલાક વધુ તાલુકાઓમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી લીધી હતી, જેને લઈ રાજયભરમાં એકંદરે ઠંડુ અને આહ્લાદક વાતાવરણ જોવા મળી રહ્યું છે. સિઝનના આરંભમાં ઉમરગામ તાલુકામાં ૮ કલાકમાં ૬ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જ્યારે ડાંગ અને સુરત જિલ્લામાં પણ વરસાદે હાજરી પુરાવી ૧થી ૨ ઈંચ સુધી ખાબક્યો હતો. આ સાથે જ સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં પણ વરસાદ પડતા ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી હતી. મેઘરાજાની મહેરને પગલે ગરમી અને ઉકળાટથી છૂટકારો મળતા રાજયના પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ગગડીને ૩૩.૪ ડિગ્રી રહ્યું હતું. રાજ્યના અનેક ભાગોમાં વરસાદ થયો હતો જેમાં વડોદરા, સુરત, અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર, મહુવાનો પણ સમાવેશ થાય છે. અમદાવાદમાં વરસાદી માહોલના કારણે તાપમાનમાં એકાએક નોંધપાત્ર ઘટાડો થયો છે. ગુજરાતમાં મોનસુનની એન્ટ્રી થઈ ગયા બાદ કૃષિ સમુદાય અને સરકારને પણ રાહત થઈ છે. આગામી દિવસોમાં વધુ ધોધમાર વરસાદનો દોર રહે તેવી શક્યતા છે. કારણ કે હવામાન વિભાગ તરફથી ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી ચુકી છે.

### ગણતરીમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એ વિસ્તારોમાં ગુજરાતની મુખ્ય નદી સાબરમતીના પાણીનો ભરપૂર લાભ મળ્યો છે. તો છેલ્લા દોઢ દાયકાથી વધુ સમયથી નર્મદા મુખ્ય કેનાલ અને પેટા કેનાલોના માધ્યમથી ખેડૂતોને ખેતીમાં સિંચાઈના પાણીનો લાભ મળે છે. પરિણામે ખેડૂતો રોકડીયા પાકો લેતા થયા એટલુ જ નહીં એકથી વધુ વખત તેઓ ખેત ઉત્પાદન પણ મેળવતા થયા. પરિણામે જે ખેતીમાં આવક થઈ એનું રોકાણ ધંધા-વ્યવસાયમાં થયુ. ગાંધીનગરના સ્થાપના કાળથી જ અહીં શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણનો લાભ હતો પરિણામે કુશળ કારીગરો અને ઈજનેરો પણ કૃષિકાર પરિવારમાંથી મળતા ગયા પરિણામે ગાંધીનગરના ગ્રામીણ વિસ્તારમાં ફેક્ટરી-કારખાનાઓની સંખ્યા ગુજરાતના અન્ય ગ્રામીણ વિસ્તારો કરતા બમણી ટકાવારી ધરાવે છે. ધંધા-વ્યવસાયમાં વધારાનું એક કારણ એ પણ હોય છે કે જે ઉત્પાદનની એક ફેક્ટરી હોય ત્યાં એવા જ ઉત્પાદન કરતી બીજી, ત્રીજી ફેક્ટરી બનતી જાય છે. સીધી રીતે આપણને એમ લાગે કે આ તો વ્યવસાયમાં સ્પર્ધા છે, એક વ્યવસાયનો ધંધો જામ્યો હોય ત્યાં બીજા વ્યવસાયીના આવવાથી ધંધો ઘટે. પણ એવુ વ્યવસાય જગતમાં અનુભવે સાચુ નથી હોતુ. ગાંધીનગર સે. ૨૮ બગીચાની સામે સૌથી વધુ જો ગલ્લા હોય તો પાન-મસાલાના ગલ્લા છે. તો ઘ-૫ના ખાણીપીણી બજારમાં. ખાણીપીણીના સ્ટોલ્સ, ખુમચાઓ વધુ છે કે મીના બજારની વાત કરીએ તો - એક જ પ્રકારના ધંધાના વ્યવસાયીઓ હોય તો ધંધો ચાલે જ છે, બલ્કે વધુ સારો ચાલે છે એવી સીધી બાબત જોઈ શકાય છે. એક બંધ હોય તો બીજી દુકાન ચાલુ હશે અથવા વધુ પ્રમાણમાં વેરાઈટી મળશે કે સ્પર્ધામાં ભાવ ઓછો હોય અથવા તો ભાવતાલ થઈ શકશે વગેરે અનેક કારણો ગ્રાહકને ખેંચી લાવવા માટે પૂરતા થઈ પડે છે. ગાંધીનગરના ગ્રામીણ વિસ્તારમાં ગુજરાતના ગ્રામ્ય વિસ્તારો કરતાં ટકાવારીની રીતે બમણાં કહી શકાય એવા ફેક્ટરી-કારખાનાઓના પ્રમાણ બાબતે આ જ બજાર વ્યવસાયનો સામાન્ય સિદ્ધાંત ઉપયોગી બન્યો છે એમ કહી શકાય. આ પણ સમાજશાસ્ત્રીય દષ્ટિએ ગાંધીનગર જિલ્લાના ધંધા વ્યવસાયની અગ્રેસરતા માટે મહત્વનું પરિમાણ છે. આ કારણે જ સ્થાનિક સિવાયનો ઉદ્યોગકારોએ પણ ગ્રામ્ય ગાંધીનગરમાં પોતાના પ્રોડક્શન હાઉસ શરૂ કર્યો છે. વીજળી, પાણી, પાકા અને પહોળા રસ્તા, કુશળ માનવબળની ઉપલબ્ધતા આ બધા કારણો પણ તેની સાથે જોડાયેલા છે.

(લેખક સમાજશાસ્ત્રીના સહ પ્રાધ્યાપક છે.)

### ઘોષણા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે પોતાના આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ નામના નવા સંગઠનની સત્તાવાર જાહેરાત કરી હતી. પોતાનું આ નવું સંગઠન હિન્દુઓ, ગૌ હત્યા અટકાવવા, ખેડૂતો સહિતના લોકકલ્યાણના પ્રશ્નોને લઈ સદાય કાર્યરત રહેશે અને લડત આપતું રહેશે તેવી જાહેરાત કરી હતી.એક રીતે ડો.તોગડિયાએ વિશ્વ હિન્દુ પરિષદના નામ જેવું જ નામ પસંદ કરી એ જ પેટર્ન પર પોતાના નવા સંગઠનની રચના કરતાં ભાજપ સરકારમાં ખાસ કરીને મોદી સમર્થકોમાં ભારે ચર્ચા ચાલી હતી. કારણ કે, વિશ્વ હિન્દુ પરિષદનું શોર્ટ ફોર્મ વીએચપી થાય છે અને હવે ડો.તોગડિયાના નવા સંગઠન આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનું ટૂંકું નામ આઈએચપી થાય છે. ટૂંકમાં ડો.તોગડિયાના વિશ્વ હિન્દુ પરિષદના નામમાંથી વિશ્વ શબ્દ કાઢી આંતરરાષ્ટ્રીય શબ્દ ઉમેર્યો છે. ડો.તોગડિયાએ આજે નવી દિલ્હીમાં હિંદુ અભિયાનની શરૂઆત કરવાની જાહેરાત કરવાની સાથે સાથે પોતાના નવા સંગઠનની અધિકૃત જાહેરાત પણ કરી દીધી હતી.

### અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

નકસલવાદી' ગણાવવાની ઝુંબેશ પછી એમના પંજાબ વિધાનસભામાં વિપક્ષના નેતા ખૈહરાના અટકચાળા થકી કેટલાક વિપક્ષો કેજરીવાલથી આઘા રહે એવું બને અથવા જે ચાર મુખ્ય પ્રધાનો કેજરીવાલને ટેકો આપી રહ્યાં છે એમની દેશભક્તિ પર આગામી ચૂંટણી સભાઓમાં સવાલો ખડા કરવામાં આવે. દિલ્હી કોંગ્રેસ રાજ્યના મુખ્ય પ્રધાન કેજરીવાલની ટીકા કરે છે એ વિશે પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન અને તૃણમૂલ કોંગ્રેસનાં સુપ્રીમો મમતા બેનરજીએ સવાલ ઊઠાવ્યા છે. સોશિયલ મીડિયાની આર્મી તો અત્યારથી એ બાબતમાં કામે વળી જ ગઈ છે. જોકે ભાજપના નેતૃત્વવાળા રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચા (એનડીએ)ની વાડ ઠેકીને કોંગ્રેસના વડપણવાળા સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન (યુપીએ) સાથે જવા ઈચ્છુક પક્ષોના સાટામાં બીજા કેટલાક પક્ષો એનડીએ પ્રવેશ કરે એવું પણ બને. લોકસભાની આગામી મે ૨૦૧૯માં આવનારી ચૂંટણી પહેલાં તો ઘણા બધા નિવેદન-ખેલ અને પક્ષપલટાની કવાયતો જોવા મળશે.

haridesai@gmail.com

### પદભાર સંભાળશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતો. પશુપાલનની સાથે સાથે સહકારી ક્ષેત્રમાં આગવી કાર્યશૈલીથી આગવી ઓળખ ઉભી કરી છે. ભરતભાઈ પટેલ પણ કોન્ટ્રાક્ટર તરીકેની આગવી ઓળખ ધરાવતા યુવા કાર્યકર છે. પલિયડ ખાતે પંચાયતક્ષેત્રમાં આગવુ પ્રદાન કરી તાલુકા પંચાયતમાં સેવાઓ આપ્યા બાદ હાલ પણ તેઓ જિ. પં.ના ઉપપ્રમુખ પદે કાર્યરત છે. કૃષિ, પશુપાલન એ તેમનો આગવો શોખ છે. સરળ અને સાલસ વ્યક્તીત્વ ધરાવતા ભરતભાઈ યુવાઓમાં ખાસ્સી લોકપ્રિયતા ધરાવે છે.

### કરામાંથી કંચન... ● ત્રીજા પાનાનું ચાલુ

ગઈ કાલે અંગેનો વિશેષ કાર્યક્રમ લોદરા ખાતે યોજાયો હતો. જેમાં વર્મીકમ્પોઝ્ડ પીઠનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વચ્છ ભારત મિશન (ગ્રા)ના ખાસ કમિશ્નર જોષી સાહેબ, જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયા, ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બ્રહ્મભટ્ટ, યુનિસેફના પ્રતિનિધિ, સ્ટેટ સેનીટેશન એન્ડ ડિઝાઈન કન્સલટન્ટ, ડી.એસ.એમ. (મિશન મંગલમ્) ડી.ડી.પી.સી. (મનરેગા)ના કા.ઈ., આસિ. વર્કસ મેનેજર (મનરેગા) એ.પી.ઓ. (પી.એમ.વાય.) તાલુકા વિકાસ અધિકારી માણસા, સરપંચશ્રી લોદરા ગ્રામ પંચાયત તેમજ વિવિધ સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.